નમસ્કાર ગાંધીનગર

પમરાટ

શું થશે એ વહન? વિચારી લે,
ફૂલને છે વજન વિચારી લે.

જિંદગી તારી, ફેંસલો તારો,
શું ખપેઃ રણ? ચમન? વિચારી લે.

આંખને વાંચવી સરળ ક્યાં છે!
આ વિષય છે ગહન વિચારી લે.

છે ચહેરા ઘણાય આંખોમાં,
કોનું જોવું સપન વિચારી લે.

- 'રાજ' લખતરવી

પાથેય

- રમેશ ઠક્કર

ઇચ્છાનું વાવેતર....

આમ જોઇએ તો વિચાર એ જ જીવન છે..જગતમાં અનેક પ્રાણીઓ વસે છે..માણસ એક જ એવું પ્રાણી છે જેની પાસે વિચારવાની આગવી આવડત છે..અને એટલે જ હાથી ,સિંહ,ગેંડા કે અનેક શકિતશાળી પ્રાણીઓને પણ એ પોતાના ગુલામ બનાવીને રાખી શકે છે..એ પક્ષીની માફક આકાશમાં વિહરી શકે છે .ઘોડા કે ઊંટ કરતાં પણ વધારે ઝડપથી દોડી શકાય એવાં યંત્રોની મદદથી એમને પાછળ રાખી શકે છે..આ બધાની પાછળ જે ચાલકબળ છે એ એની વૈચારિક શકિત ગણી શકાય..ફૂલને વહન કરવું એટલે આમ તો ડાબા હાથનો ખેલ ગણાય પરંતું એને પણ વજન હોય છે એવું કોઇ કહે ત્યારે ફૂલ એટલે નાજુક સંબંધ એમ જ ગણી શકાય..સંબંધને વહન કરવાનું કામ સાચે જ કઠીન છે.

આપણે જે વિચારીએ છીએ એ જ આપણને વાસ્તવમાં મળે છે..આ એક વિસ્મય છે.ઇચ્છાનો એક આગવો પ્રભાવ હોઇ શકે..જેવું વિચારશો એવું જ થશે..માણસ જેવું વાવે છે એવું જ પ્રાપ્ત કરતો રહે છે. ઇચ્છાનું વાવેતર હોઇ શકે..તમારે શું જોઈએ છે એ તમારી ઇચ્છા ઉપર નિર્ભર છે..આપણી સામે રણ વિસ્તરેલું હોય છે..અને મઘમઘતો બાગ પણ હોય છે..આપણી પસંદ શું છે એ મહત્વની વાત બની જાય છે.

જગતમાં બધું પામી શકાય છે..જાણી શકાય છે અને પ્રમાણી પણ શકાય છે.સૌથી અકળ છે માણસના મનની ભાષાને વાંચવી.એના ભેદભરમને પામવા..પાસ પાસે રહેતા હોઇએ ભલે વરસનો સહવાસ હોય પણ માણસ એકબીજાને પામી શકે એવું બનતું નથી..આ એક ગહન વિષય છે..કિતાબો સહુ ભલે આપણે વાંચી નાખીએ.માણસની આંખને વાંચવી એ અઘરી વાત છે.

વિચારવાની એક ગતિ હોઇ શકે.વિચારનો એક મુકામ હોય..આપણને એ રસ્તે કેટકેટલા ચહેરા મળતા રહે છે..અનેક કેડીઓ અને દિશાઓ ઉઘડતી રહે છે.આપણે કયા ચહેરાને પસંદ કરવો એ બાબત ઉપર જ આપણા વિચારની સફળતા ટકેલી હોય છે..કવિ આ બધાં વિસ્મયને પામતો રહે છે અને એના શબ્દો થકી એને સજાવતો રહે છે.

ખડગેના વિજયના અનેક સૂચિતાર્થો

તંત્રીસ્થાનેથી...

કેટલીક સ્પર્ધાઓ પ્રતીકાત્મક હોય છે. પરિણામની બધાને ખબર જ હોય છે. છતાં હરીફો એ સ્પર્ધાને અંજામ સુધી પહોંચાડે છે. શશી થરુર જાણતા હતા કે કોંગ્રેસ હાઈકમાંડ એમને પ્રમુખ નહીં જ બનવા દે. તેઓ જી-૨૩ ગ્રુપના પ્રતિનિધિ હતા અને ખુદ જી-૨૩ના ઉત્તર ભારતના પ્રતિનિધિઓ હાઈકમાંડના અધિકૃત ઉમેદવારની તરફેણમાં હતા. થરુરને ચૂંટણી કરાવવી હતી. ઈતિહાસમાં નામ નોંધાવવું હતું. પોતે 'પરિવર્તન' ના પક્ષધર હતા. પરિવાર બહાર પણ કોંગ્રેસ હોઈ શકે છે - એવું બતાવવા માગતા હતા. જાણતા હતા કે પોતાની શક્તિ મર્યાદિત છે. કોંગ્રેસના મોટા ભાગના ડેલિગેટ્સ તો કપાળ પર સોનિયા - રાહુલ - પ્રિયંકાનું ત્રિપુંડ ચોડીને ફરવામાં ગૌરવ અનુભવે છે એની પણ એમને ખબર હતી. ખુદ મલ્લિકાર્જુન ખડગેએ એમને સમાધાન કરી લેવા સમજાવ્યા હતા, અર્થાત ભાઈ તું ખસી જા. નાહક ભુરાટો થા મા. મારી જીત તો ભીંત પરના લખાણ જેવી ચોખ્ખી વંચાય છે. તું જાણી જોઈને શહીદી શું કામ વહોરે છે ? મારી તરફેણમાં સુફિયાણું નિવેદન કરીને ખશી જા. આ ચૂંટણીના બકડજંતરની વળી શી જરૂર ? હાઈકમાંડ વગર બોલ્યે મારા સમર્થનમાં છે એની પ્રતીતિ ઉમેદવારી કરતી વખતે જ નહોતી થઈ શું ? ખડગે કશું સંતાડતા નથી. ચૂંટણી પારદર્શક હતી એમ પોતે પણ પારદર્શક હતા. હાઈકમાંડે જ આંબળીને ઊભા કરેલા ઉમેદવાર હતા. અશોક ગહલોત જ હાઈકમાંડની પહેલી પસંદગી હતા પણ એમને રાજસ્થાનનું મુખ્યમંત્રી સ્વહસ્તક રહે અથવા પોતાના કહ્યાગરા કાર્યકર્તાઓને સોંચ એવો ખેલ પાડવા કોશિશ કરી એટલે સોનિયા માવડીની નજરમાંથી ઊતરી ગયા. તાબડતોબ રાહુલ ગાંધીની ભારત જોડવાની પદયાત્રા પડતી મૂ કીને દિગ્વિજયસિંહ દિલ્હી જોડી આવ્યા પણ વિવાદાસ્પદ નિવેદનો કરીને રાંધેલી રસોઈ બગાડી મૂકશે એવી દહેશતથી ડરી જઈને રાહુલ ગાંધીના વિશ્વાસુ ઉમેદવારને છેલ્લી ઘડીએ શાંત, સૌમ્ય, દલિત દક્ષિણી નેતાની તરફેમમાં ખસી જવાનો આદેશ કરાયો. આ તમામ કાર્યકલાપથી થરૂર વાકેફ હતા. તેઓ પરિવાર બહારના ટકોરાબંધ ઉમેદવાર હતા એવા ખ્યાલોમાં ચૂંટમી લડવા તૈયાર થયા. ખડગે ક્યાં અને હું ક્યાં ! - એમના અહંકારને પરિવારે હાથીના પગ નીચે માલવપતિ મુંજને કચડી નંખાયેલો એવી ઠંડી ક્રૂરતાપૂર્વક કચડી નાખીને એમની હેસિયતનું ભાન કરાવી દીધું છે. જે જંગી તફાવતથી ખડગે ચૂંટાયા છે તે 'ઐતિહાસિક' છે. જ્યારે દેશની લોકશાહી ખતરામાં હોવાનું મનાઈ રહ્યું છે ત્યારે કોંગ્રેસ સંગઠનની ચૂંટણી કરાવીને 'પારદર્શક' હોવાની પ્રતીતિ કરાવી રહી છે કે જુઓ, અમારી પાસેથી ભારતીય જનતા પાર્ટી બીજું બધું ખૂંચવી શકશે પણ ગાંધી પરિવાર પ્રત્યેની નિષ્ઠાને અમે ઊની આંચ નહીં આવવા દઈએ ! કોંગ્રેસ અલબત્ત ૧૩૭ વર્ષ જૂનો પક્ષ છે અને એમાં ક્યારેક નહેરુ પછી કાઠિયાવાડના અદના લોકનેતા ઉછરંગરાય ઢેબર જેવા આગેવાનને રાષ્ટ્રીય અધ્યક્ષપદ સંભાળવાની તક મળી હતી. પણ ત્યારે પરિવાર કરતાં પક્ષ વધુ મહત્ત્વનો ગણાતો હતો. ઈંદિરા ગાંધીના ઉદય પછી પરિવાર હાવી થઈ ગયો છે. પરિવાર બહાર કોંગ્રેસ કશું વિચારી જ ન શકે - એવી વફાદારી દર્શાવનારા મલ્લિકાર્જુન ખડગે અંગત જીવનમાં ઘણા સંઘર્ષ વેઠીને આ પદ પર પહોંચેલા દલિત નેતા છે. એમને અધ્યક્ષપદે બેસાડીન ગાંધી પરિવારે રિમોટ પોતાના હાથમાં જ રાખ્યું છે. આ પણ રાજનીતિનો જ એક કઠોર વાસ્તવ છે. દક્ષિણ અને દલિતનું સ્મીકરણ માંડીને ખડગેને જવાબદારી સોંપાઈ છે, કહો કે તાજ પહેરવાયો છે અને રાહુલ ગાંધીની જવાબદારી હવે એ નક્કી કરવાના છે એવું નિવેદન ખુદ રાહુલ ગાંધીએ આપ્યું છે. જગજીવનરામ પછી એ કોંગ્રેસના બીજા દલિત પ્રમુખ બને છે. પણ જગજીવનરામ જેવી મહત્ત્વાકાંક્ષા રાખવાનો એમને અધિકાર નથી ! તેઓ રંગેચંગે જીત્યા છે અને હવે લોકસભાની ચૂંટણી આવશે ત્યારે એટલા જ ઉમળકાપૂર્વક રાહુલ ગાંધીને પાર્ટીના વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે આગળ ધરી તેઓ પરિવારે કરેલી કૃપાનો બદલો વાળશે તે નક્કી છે. ખડગેને મોદીએ પાઠવેલી શુભેચ્છાઓ સૂચક છે.

હરખ ન હૈયે મા'ય !

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

કારતક સુદ એકમનો દિવસ હતો.

ઉજ્જયિનીમાં નગરજનો ખુશખુશાલ હતા. એમના હૈયામાં આજે હરખ સમાતો ન હતો. એમના પિતા જેવા આ રાજા સમ્રાટ વિક્રમાદિત્યનું આજે રાજયારોહણ હતું. તે રાજા થવાના હતા.

લોકો રાજી એટલા માટે હતા. એ વખતે દેશની વાયવ્ય સરહદેથી શકપ્રજાના ધાડાને ધાડા ઊતરી આવે અને લૂંટફાટ મચાવે. વિક્રમાદિત્યે એમને ઠેકઠેકાણેથી મારી મારીને પાછા ભગાડી મૂક્યા. લોકો એ એને 'શકારિ' નું બિરુદ આપ્યું.

આ વિક્રમાદિત્યને પ્રજાના દુઃખદર્દ સમજવા હોય. અંધારી રાતે એ છૂપા વેશમાં નગરમાં ફર્યા કરે. એ મુજબ એ પ્રજાની સમસ્યાઓનું નિવારણ કરે. લોકો કહે - 'પરદુઃખભંજન વિક્રમાદિત્ય'

અપરાધીને એના ગુના પ્રમાણે સજા આપે. લોકો કહે - 'ન્યાય તો વિક્રમનો જ.'

એને તો રાજા થવું ન જ હતું. શિપ્રાદ નદીને કિનારે એના મોટા ભાઈ તપ કરી રહ્યા હતા. પરંતુ એ સંસારથી અનાસક્ત હતા. એને રાજય સંભાળવામાં બિલકુલ રસ ન હતો. એણે વિક્રમને આદેશ જ આપ્યો. 'તું રાજય સંભાળી લે.' પિતા ગર્દભિલ્લ હવે ન હતા. એટલે વિક્રમે મોટાભાઈનો આદેશ માથે ચડાવ્યો.

એ વિક્રમમાં - પરાક્રમમાં - આદિત્ય - સૂર્ય જેવા હતા. એના આશ્રમમાં એમના પ્રિય કવિ કાલિદાસ હતા. એમણે રાજયારોહણની ખુશાલીમાં નાટક રચ્યું . વિક્રમોવંશીય' આ દિવસે એનો જાહેર અભિનય થયો. કાલિદાસ 'પરાક્રમ' માટે 'વિક્રમ' શબ્દ જ વાપરે.

વિક્રમાદિત્યે આ દિવસે રાજય સંભાળ્યું. હવે નગરજનોએ અભિશય આગ્રહ કર્યો. રાજાએ સંમતિ આપવી પડી. તે દિવસ - કારતક સુદ એકમ - થી એમના નામે સંવત શરૂ થયો - 'વિક્રમસંવત.'

વિક્રમાદિત્ય તો ઉદાર આશ્રમના રાજવી હતા. એની સભા નવરત્નોથી શોભથી હતી. ધન્વન્તરિ, ક્ષપણક, અમરુ, શંકુ, વેતાલભટ્ટ, ઘટકર્પર, કાલિદાસ, વરાહમિહિર અને વરરુચિ. બધા પોતપોતાનાં ક્ષેત્રમાં નિષ્ણાત. કોઈ આયુર્વેદમાં, કોઈ બૌદ્ધ ધર્મમાં, કોઈ કાવ્યમાં, કોઈ કાવ્યશાસ્ત્રમાં, કોઈ વ્યાકરણમાં, કોઈ જયોતિષમાં.

આ ઉપરાંત - એની સભામાં ૧૬ વૈદ્યો, ૧૬ સુતપુરાણીઓ, ૧૬ વેદ પાઠી ઉપાધ્યાયો, અને ૧૬ નૃત્યાચારો હાજર રહેતા.

પોતે ચક્રવર્તી સમ્રાટ હતા. એટલે - એની પાસે ૮૦૦ માંડલિક રાજાઓ હતા. દરેકને એ પોતાના ભાઈઓની સાચવતા.

લોકો કહેતા - આની પાસે એક કરોડ યુદ્ધવીરોની સેના છે.

એ પર ધાર્મિક અને દાનેશ્વરી હતા. ઉજ્જયિનીમાં મહાકાળેશ્વર મહાદેવનું મંદિર છે. તેમાં ચોવીસ સ્તંભોવાળાો મહામંડપ છે, એ એમણે બંધાયેલાં છે.

એને એટલી બધી પ્રસિદ્ધિ મળી; કે અનુગામી રાજાઓ બિરુદ ધારણ કરી લેતા. જેમ કે ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય.

આ મહાન સમ્રાટને આદરભરેલી શબ્દાંજલિ.

ઘૂંઘરૂં કી તરહ બજતા હી રહા હૂં મૈં, કભી ઇસ પગ મેં, કભી ઉસ પગ મેં..!!

પ્રસંગસર
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

ગાયક, અભિનેતા, નિર્માતા, સંગીતકાર અને ડિરેક્ટર એવા કિશોરકુમારનો જન્મ ૦૪ ઑગસ્ટ ૧૯૨૯ના રોજ મધ્યપ્રદેશના ખંડવા ખાતે થયેલ. આભાસકુમાર તેમનું મુળ નામ હતું પણ હિંદી સિનેમામાં તેઓ કિશોરકુમારના નામે ઓળખાવા લાગ્યા. તેમને અભ્યાસમાં ખાસ રુચી નહોતી કે નહોતી લીધી સંગીતની કોઇ તાલીમ પણ તેમની સંગીત પ્રત્યેની લગન અને કે.એલ.સહેગલ સાહેબની ગાયકીને પોતાનો આદર્શ બનાવી તેઓ એક સારા ગાયક બની શકયા. ૧૯ વર્ષની ઉંમરે મ્યુજીક ડાયરેક્ટર ખેમચંદપ્રકાશે તેમને ફિલ્મોમાં ગાવાનો અવસર આપ્યો. અને તેમણે ' મરનેકી દુવાયે ક્યું માગું ' પહેલું સોલો ગાયેલુ અને મુદ્રિત થયેલ ગીત હતું. જ્યારે બંગાળીમાં તેમણે ગીતાદત્ત સાથે પહેલુ ડુયેટ ગીત ગાયેલ. કિશોર'દાએ ચાર વખત લગ્ન કરેલ. તેમની પત્નીઓમાં તે જમાનાની વિખ્યાત અભિનેત્રીઓ રુમા ગુહા ઠકુર્તા, મધુબાલા, યોગીતાબાલી અને લીના ચંદાવરકર હતાં. એમનું સહુથી વધારે વિવાદાસ્પદ લગ્નજીવન, તે સમયની મશહૂર અભિનેત્રી મધુબાલા સાથેનું હતું. ૧૯૬૦માં તેમની સાથે થયેલ લગ્ન ૧૯૬૯ સુધી ચાલ્યું અને ૧૯૬૯માં મધુબાલાનું નિધન થયું. યોગીતાબાલી સાથે તેમનું લગ્નજીવન બે જ વર્ષ ચાલ્યું અને ત્યારબાદ યોગીતાબાલીએ મિથુન ચક્રવર્તી સાથે લગ્ન કરેલ. આમ, કિશોરકુમારના લગ્નજીવનમાં વારંવાર ભંગાણ પડવાથી, તેમાનવી સંબંધો પ્રત્યે ઉદાસીન થઇ ગયા હતાં. ઋશિકેશ મુખરજીએ કિશોરકુમાર અને તેમની પહેલી પત્ની રુમા ગુહાના જીવનને લઇને અમિતાભ અને જયા ભાદુરી અભિનિત ' અભિમાન' ફિલ્મ બનાવી હતી. કિશોરકુમાર મિથુનના ગીતોને પોતાનો કંઠ આપતા નહોતા. તેમના ડાયરેક્શન વાળી ફિલ્મ ' મમતા કે છાવ મેં ' અમિતાભે અભિનય કરવાની ના પાડી તો કિશોર'દાએ અમિતાભ માટે પણ ગાવાની ના પાડી દિધેલ.બાદમાં, ૧૯૭૦માં તેમણે અમિતાભ માટે ' ખાઈકે પાન બનારસ વાલા ' ગાયેલુ. ભારતીય ફિલ્મના જાણીતા અભિનેતાઓ અશોકકુમાર અને અનુપકુમાર તેમના ભાઈઓ છે. તેમના આદર્શ એવા કે.એલ.સાયગલ, રવિન્દ્રનાથ ટગોર અને હોલિવુડ એક્ટર અને ગાયક ડેની કે ની છબીઓ ઘરમાં રાખતા.

રાજેશખન્ના અભિનિત 'આરાધના'માં કિશોરકુમાર ગીતો ગાયેલા અને એ સાથે જ મોહમ્મદ રફી જેવા ઓલટાઇમ ગ્રેટ સિંગર પણ લગભગ ભુલાઈ ગયેલા. અને એ એટલું જ સત્ય છે રાજેશખન્નાને કિશોરકુમારની ગાયકી ના મળી હોત તો કદાચ તે સુપરસ્ટાર ન બન્યા હોત. બેસ્ટ મેલ પ્લે સિંગર તરીકે આઠ ફિલ્મફેર એવોર્ડ મેળવેલા. 'રૂપ તેરા મસ્તાના' માટે તેમને પહેલો ફિલ્મ ફેર પુરસ્કાર મળેલ. તેમના ફિલ્મ કેરીયર માટે તેઓ એટલા ગંભીર નહોતા. ગીતનું એડવાન્સમાં પેમેન્ટ થાય પછી જ તેઓ તેનું રેકોર્ડીંગ કરતા હતા. એકવાર અડધું પેમેન્ટ થયું તો ચહેરા ઉપર અડધો મેકઅપ કરેલ. પણ તેમણે ઘણાં ગીતો મફતમાં પણ ગાયા હતા, સત્યજીત રે ઓછા બજેટ વાળી ફિલ્મ 'ચારુલતા'ના ગીતો માટે તેમણે એકપણ રુપિયો લીધો નહોતો.. તેમના બંગલાની બહાર ' કિશોર સે બચકર રહેના' એવું લખેલું હતું. ૧૯૪૮માં ' જિદ્દી ' ફિલ્મમાં ફિલ્મોમાં અભિનય કરવાનું તેમને પસંદ નહોતો પરંતુ મધુબાલાની લાંબો સમય ચાલેલી માંદગીને કારણે વધી ગયેલા ખર્ચાઓ પૂરા કરવા તેમણે ફિલ્મોમાં અભિનય કરવા કોન્ટ્રાક્ટ સાઇન કર્યા. અશોકકુમારની મુખ્ય ભૂમિકાવાળી તેમની પહેલી ફિલ્મ ' શિકારી' હતી. તેમના મૃત્યુના આગલા દિવસે આશાભોસલે સાથે વક્ત કી આવાઝ ફિલ્મનું ગીત 'ગુરુ ગુરુ આ જાઓ ' ગાયેલ અને તેના બીજા જ દિવસે તેમના મોટાભાઇ અશોકકુમારના જન્મદિને જ ૧૩મી ઓક્ટોબર, ૧૯૮૭ના રોજ કિશોરકુમારનું હાર્ટ એટેકથી મુંબઈ ખાતે મૃત્યુ થયેલ. તેઓ સિગારેટ કે શરાબ પીતા નહોતા. તેમનું માનવું હતું કે આ બે વસ્તુઓ ગાયક માટે ઝેર છે.

(મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧

આપણો સ્વાદ : પોતાનો કે ઉછીનો ?

ઈશાન ઠક્કર

દિવાળી પર્વના આગમન માં જ્યારે ઘરમાં વિવિધ પ્રકારના પકવાન બનતા હોય ત્યારે જો શીર્ષક માં સ્વાદ શબ્દ આવે તો ચોક્કસથી એવું થાય કે વાત અહી ખાણી પીણી ની જ થતી હશે ! પણ અહીંયા વાત કઈ અલગ છે, અહીંયા આ સ્વાદ (ટેસ્ટ) આપણી જોવાની સાંભળવાની , સમજવાની ઈન્દ્રિયો વિશે છે.

બાળપણ માં હું મારા દાદા જોડે બેસીને ટીવી જોતો , ત્યારે સ્માર્ટફોન નહતા અને દરેક રૂમમાં ટીવી પણ નહતા એટલે આખો પરિવાર એકજ ટીવી માં અલગ અલગ સમય પર પોતાના મનપસંદ કાર્યક્રમ જોતો. બેઠક રૂમ માં રહેલ ટીવી પર શું ચાલે છે તેની જાણ ઘરના દરેક સભ્યોને થતી. ઘણી વાર એવું બનતું કે હું કોઈ કાર્ટૂન જોતો હોઉ તો મારા દાદા મારી પાસે આવીને તે નિહાળવા બેસી જાય , ચંચળવૃત્તિ ના પગલે એક ચેનલ પર બ્રેક આવે તો બીજી ચેનલ અને બીજી માં બ્રેક આવે તો ત્રીજી એવું સહજ થઈ જતું, તેવામાં કોઈ વખત મનોરંજનસભર કાર્ટૂન ની જગ્યાએ મારામારી વાળું કાર્ટૂન લાંબા સમય સુધી નિહાળું તો મારા દાદા મને એક શબ્દ વારંવાર કહેતા : બેટા, તારો ટેસ્ટ બરાબર નથી. મને ત્યારે તેમના વાક્ય પૂરા ના સમજાતા પણ આજે તે ટેસ્ટ બરાબર નથી વાળું વિશેષણ સંપૂર્ણ સમજાય છે. માણસને સામાજિક પ્રાણી કીધું છે , તે જેવું જુએ છે , સાંભળે છે , વિચારે છે તેવું બનવા પ્રયત્ન કરે છે. પહેલાંના સમયમાં એવું હતું કે એક માણસ જ બીજા માણસ પર સારો કે ખરાબ પ્રભાવ પાડી શકતો હતો અને એટલે જ બાળપણથી લઈને યુવાવસ્થા સુધી માં બાપ પોતાના બાળકના મિત્રો કેવા છે , તે કોની જોડે ઊઠે બેસે છે , કોની જોડે રમવા જાય છે તેની ચિંતા કરતા, આજે માણસ બીજા માણસ જોડે ઓછો અને મોબાઈલ જોડે વધારે સંપર્કમાં રહે છે અને તેથીજ સ્માર્ટફોન , ચલચિત્રો , સોશિયલ મીડિયા વગેરે માણસના જીવનમાં વધુ પ્રભાવ પાડી રહ્યા છે. પહેલાંના સમયમાં બેઠક રૂમમાં રહેલ ટીવી ફિક્સ ગુજરાતી થાળી જેવું હતું , જે નકકી થયું હોય તેજ પીરસાય અને તેજ ગમાડવું પડે , જ્યારે આજે સ્માર્ટફોન વેબ સિરીઝ, અમુક મેગેઝિન , સોશિયલ મીડિયા વગેરે મલ્ટી ક્યુઝીન રેસ્ટોરન્ટ બની ગયા છે જેમાં જેને જે સમયે જે જોવું હોય તે પીરસાય છે અને તેનો આનંદ પણ ઉઠાવાય છે, પણ મલ્ટી ક્યુઝીન રેસ્ટોરન્ટ માં પણ ઓર્ડર તો આપણે જ આપવાનો હોય છે ત્યાં કોઈ જબરજસ્તીપૂર્વક આપણને કંઈપણ પીરસતું નથી તેવીજ રીતે આજના આ સમય માં શું

જોવું, શું સાંભળવું, શું નિહાળવું અને શું સમજવું તેનો નિર્ણય તો આપણેજ કરવો રહ્યો. આપણો ટેસ્ટ કેવો છે તેનું આત્મનિરીક્ષણ તો આપણે જ કરવું રહ્યું. આજના બાળકો , તરુણો , યુવાનો પોતાને સંસ્કારમાં મળેલ ટેસ્ટ ને ભૂલી જઈ ઉછીના ટેસ્ટ ને અપનાવાની ઘેલછા રાખી રહ્યા છે અને તેજ સમસ્યા દરેક કુટુંબમાં આજે ચિંતાનો વિષય બની રહી છે. બાલ્યવસ્થાથી લઈ યુવાવસ્થા સુધી જો માં બાપ બાળક ના ખાવા પીવા ના ટેસ્ટને સમજીને તેને શું ખાવું શું ના ખાવું તેની ટકોર કરી શકતા હોય તો તેજ માં બાપે પોતાના બાળકને શું જોવું , શું સાંભળવું શું નિહાળવું, શું સમજવું તેની ટકોર કરવી જ રહી. અંતે એટલું ચોક્કસથી કહીશ કે આપણા જીવનની સ્ક્રિપ્ટ ભગવાને લખી છે જ્યારે આપણે સોશિયલ મીડિયામાં, રિલ્સમાં વેબ સિરીઝમાં , ચલચિત્રોમાં જે નિહાળીએ છીએ તેની સ્ક્રિપ્ટ માનવનિર્મિત છે. માનવનિર્મિત સ્ક્રિપ્ટથી કોઈ એકની તિજોરીઓ ભરાય છે પણ તેનું આંધળું અનુકરણ કરવાથી કરોડો લોકોની જિંદગી બરબાદ પણ થાય છે. ગુજરાતીમાં આપણે કહીએ છીએ ને કે મફતમાં ખવડાવનાર તો ગમે તેટલું ખવડાવે , પેટ તો આપણું છે ને ! તેવીજ રીતે માહિતીના આ યુગમાં પીરસાશે તો બધુંજ પણ આપણે આપણો સ્વાદ શું છે તે સમજવું જ રહ્યું.

કેટલીક કહેવતો પર વિવેચન....

રંગ અને વ્યંગ
અનંત પટેલ

બોલે તેનાં બોર વેચાય "

★ સાદો અર્થ એવો કે તમારે કોઈપણ ચીજ વસ્તુનો વેપાર કરવો હોય તો તમારે એના માટે બોલવું પડે, લોકોને જણાવવું પડે, તેની સારી સારી જાહેરાત કરવી પડે...
★ તમે એક જગાએ માત્ર બેસી રહો તો કોઈ ખરીદવા ન પણ આવે...
★ તમારે તમારી વસ્તુની ગુણવત્તા/ઉપયોગિતા લોકોને બતાવવી પડે સમજાવવી પડે...
★ માગ્યા વિના મા પણ ના પીરસે એમ બોલ્યા વિના કશું વેચાય નહિ.....
★ ભૂખ લાગી હોય તો માતાને પણ મને ભૂખ લાગી છે એમ કહેવું જ પડે....
★ છાશ લેવા જાઓ અને દોણી સંતાડો તો ના ચાલે..... જેમ વેચવા માટે બોલવું પડે એમ કશું ખરીદવા કે માગવા માટે પણ બોલવું તો પડે જ...
★ તમે કોઇના ઘરે કે દુકાને જઈને મૌન ઉભા રહો તો તમે શું કામ આવ્યા છો એની કોઇને ખબર પડે જ નહિ.....
★ એક છોકરાએ નવો વેપાર શરૂ કર્યો તો કહે કે હું તો કંઈ બોલીશ જ નહિ.....પરિણામે થોડા દિવસોમાં એનો ધંધો બંધ થઈ ગયો.....
★ લેનારને ગરજ હોય તો એ ખરીદવા આવે જ છે પણ વેચનારે પણ વેચવાની ગરજ બતાવવી પડે છે.. " ન બોલ્યામાં નવ ગુણ "
★ વેચવા માટે જે બોલવાની વાત છે અને અહીંયાં જે ન બોલવાની વાત છે તે બંને અલગ અલગ છે...
★ ઘણા બધા લોકો ચર્ચા/વાતો કરતા હોય ત્યારે તમે વિવાદમાં પડવા ન માગતા હોવ તો મૌન રહો એ ઉત્તમ કહેવાય...
★ તમે જો મૌન રહો તો તમારા મોંઢામાં આંગળાં નાખીને બોલાવનારા લોકો ય હોય છે એટલે એમનાથી સાવધ રહેવું.....
★ જ્યાં સુધી તમને પૂછવામાં ન આવે ત્યાં સુધી બોલવું નહિ...
★ નહિ બોલનારા લોકો માટે બધા " એ તો ભાઈ મીંઢા છે, મગનું નામ મરી પણ પાડે તેવા નથી " આવી કોમેન્ટ પણ પસાર થતી જોવા મળે છે.....
★ બહેનોને આ કહેવત બહુ ફાવે એમ નથી.....એ ગમે તેટલું નક્કી કરે તો ય કંઈને કંઈ બોલ્યા વગર રહી શકે જ નહિ...
★ નવી વહુ આ નિયમ પાળવા જાય તો એ કદાચ એની વિરુધ્ધમાં પણ જાય.....
★ બોલે એનાં બોર વેચાય અને ન બોલ્યામાં નવ ગુણ આ બંને કહેવતોનો સ્વવિવેક અનુંસાર જ ઉપયોગ કરો તો તમને લાભ થાય....
★ નહિ બોલવાને કારણે તમે ઘણા પ્રશ્નો અને સમસ્યાઓથી બચી જાવ છો....
★ મારો મિત્ર ચીમન કહે કે મારે લોકોને ક્યારે ક્યારે ન બોલવું એ શીખવાડવા માટે ક્લાસ ખોલવા છે.....તો એને મેં ના પાડી કે આવું નાટક ના કરાય તો ય એ માન્યો નહિ ને ક્લાસ ખોલ્યા તો બીજું કોઈ તો ઠીક એના ઘરનું ય એકે વ્યક્તિ ન આવ્યુ....
★ ઘણીવાર કેટલાક લોકો આપણે તો ભાઈ ન બોલ્યામાં નવ ગુણ એનો ચુસ્ત રીતે અમલ કરીએ છીએ એમ કહેતા જાય છે અને જ્યાં ત્યાં બકવાસ કરતા જ જાય છે...

આપણને વારસામાં ઘણી બધી કહેવતો મળી છે જેનો આપણે સમજી વિચારીને ઉપયોગ કરવાનું રાખવું જોઈએ.

મો-૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com